Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદલ ઈન્સાફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ३५

पञ्जिका संख्या ३०६५

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી મનોરંજનમાલા : પુષ્પ ૭ મું

અદલ ઇન્સાફ

[સચિત્ર]

लाक प्रमाणीकरण १९८४-१९८५

—: લેખક :—

પ્રકાશમ્ રાવલ

(કાલીદાસની બાલવાતો, બીરબલની બાલવાતોના કર્તા)

CHECKED 1973

Final

કિંમત આઠ આના

—પ્રકાશક—

એન. એમ. ઠક્કરની કંપની

બૂકસેલર્સ ઍન્ડ પબ્લિશર્સ

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ . . . . મુંબઇ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવૃત્તિ ૧લી
પ્રતો : ૨૦૦૦

સંવત : ૨૦૦૬
સન : ૧૯૫૦

સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન

★

અનુક્રમ

★

વાર્તા		પાન
૧	અદલ ઇન્સાફ	૩
૨	ચાર સવાલનો એક જ જવાબ	૮
૩	શાહજાદાની હઠ	૯
૪	સ્વર્ગમાં કોણ ગયું ?	૧૪
૫	બીરબલ તાનસેનની વહારે	૨૫
૬	આપનારનો હાથ નીચો	૨૮
૭	જમાઇ અને કૂતરો	૩૦
૮	ઉત્તમ ફળ કયું ?	૩૨

★

આ પુસ્તક રાવપુરા–વડોદરા, અશોક પ્રિન્ટરીમાં, રમણલાલ નાનાલાલ શાહે છાપ્યું, અને નંદલાલ મોહનલાલ ઠક્કરે એન. એમ. ઠક્કરની કંપની માટે, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨ થી પ્રકટ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल ग्रन्थालय काँगड़ी.

અદલ ઇન્સાફ

卐

અકબર બાદશાહના દરબારમાં કોઇ પણ માનવી ગમે તે વખતે ન્યાય મેળવવા આવી શકતો. આ માટે બાદશાહે દિલ્હીની વચ્ચોવચ આવેલા એક ચોકના મધ્ય ભાગમાં એક મોટો ઘંટ બંધાવ્યો હતો. આ ઘંટના દોરડાનો બીજો છેડો મહેલમાં રાખી, તેને છેડે બીજો ઘંટ બાંધ્યો હતો, જેથી જે કોઇને ગમે ત્યારે ન્યાય મેળવવો હોય, ત્યારે એ પેલો ઘંટ વગાડતો, એટલે બાદશાહ તેને તુરત જ પોતાના મહેલમાં બોલાવતા, અને તેની જે ફરિયાદ હોય તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભળતા.

દરરોજ સંખ્યાબંધ માણસોને એ મુજબ ન્યાય મળતો. એક દિવસ ખરે બપોરે જ્યારે બાદશાહ ભોજન કરતા હતા, ત્યારે ઘંટ વાગ્યો. દરવાને આવી ખબર આપી કે, એક ઘરડો ઘોડો તે સાંકળ હલાવતો હતો.

આ જવાબ સાંભળી બાદશાહે કહ્યું, 'જાઓ, એને દૂર હાંકી કાઢો.'

'ભલે નામવર,' એમ કહેતાં દરવાન પાછો જવા લાગ્યો.

એટલામાં બીરબલ બોલ્યો, 'જરા ઊભા રહો. એ ઘોડાને અહીં લઈ લાવો.'

દરવાન તો પેલા ઘોડાને લઇ આવ્યો. બીરબલ એ ઘરડા ઘોડાની પીઠ પર હાથ ફેરવતાં ફેરવતાં બોલ્યો, 'નામવર, આ ઘોડો ફરિયાદ કરે છે કે, જ્યાં સુધી એનાથી મહેનત થઇ શકી ત્યાં સુધી એને એના માલિકે રાખ્યો. હવે જ્યારે આ ઘડપણમાં એનાથી મહેનત થઇ શકતી નથી, ત્યારે એના માલિકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

' એક ઘરડો ઘોડો તે સાંકળ ખખડાવતો હતો. ' (—પાન ૪)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને છૂટો મૂકયો છે. એ માટે આ ઘોડો ન્યાય મેળવવા આપ નામવરની પાસે આવ્યો છે.' બાદશાહે બીરબલની આ વાત સાંભળી પેલા ઘોડાના માલિકને બોલાવી મંગાવ્યો. એના માલિકે પણ બીરબલે જે વાત કહી હતી તે જ નામવરને કહી સંભળાવતા કહ્યું, 'હવે આ ઘોડો મારે સાવ નકામો છે, માટે મેં એને છૂટો કર્યો છે. એ હવે જ્યાં ત્યાં ફરી ચરી ખાશે.'

આ જવાબ સાંભળી બીરબલ બોલ્યો, 'તારાં માબાપ ઘરડાં થશે, એટલે તું એને કાઢી મૂકીશ ને ?'

આ સવાલ સાંભળી પેલો ઘોડાનો માલિક થોડી વાર વિચારમાં પડયો, અને પછી બોલ્યો, 'નામવર, એમ કાંઇ બને ખરું ?'

'તો પછી આ પણ કેમ બને? જેણે પોતાની આખીએ જિંદગી મહેનત કરી તારી સેવા કરી, ને હવે જ્યારે એ ઘરડો થયો, એનાથી મહેનત થતી નથી, ત્યારે તું એને રઝળતો મૂકે એ કેમ બને ? જા, આ ઘોડાને તારે ત્યાં રાખ, અને એની સંભાળ લે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહે બીરબલનો આ ન્યાય સાંભળી કહ્યું, ' ચાલ, વિચાર શું કરે છે ? જા, ઘોડાને લઇ જા, અને એ મરે ત્યાં સુધી એની સંભાળ લે. '

બાદશાહનો આ હુકમ સાંભળી પેલો ઘોડાનો માલિક ઘોડાને લઇ, લાંબા નિસાસા નાખતો, પોતાને ઘેર ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાર સવાલનો એક જ જવાબ

卐

એક વાર બાદશાહે બીરબલને પૂછ્યું, 'બીરબલ, આ ચાર સવાલોનો એક જ જવાબ શું ?

પાન સડે, ઘોડા અડે,
વિદ્યા વિસર જાય;
અંગારે રોટી જળે,
એનો શું ઉપાય?'

આ સાંભળી બીરબલ બોલ્યો: 'નામવર, એ બધાને ફેરવ્યા નહિ !'

'કેવી રીતે ?'

'નામવર, પાનને ફેરવે નહિ તો તે સડી જાય. ઘોડાને જો એક જ ઠેકાણે બાંધી રાખીએ તો તે અડી-અલ બની જાય. વિદ્યાનો જો હર વખત ઉપયોગ ન કરીએ તો ભૂલી જવાય. અને નામવર, દેવતા ઉપર શેકાતી રોટલી જો પાછી ફેરવીએ નહીં તો બળી જાય. બોલો, બાદશાહ, આ સાચું છે ને ?'

બાદશાહ કહે, 'જરૂર સાચું, ભાઇ, જરૂર સાચું.'

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાહજાદાની હઠ

●

એક વખત બાદશાહના દરબારમાં શાહજાદાએ આવી બીરબલને કહ્યું, 'મારે દવા માટે બળદનું દૂધ જોઇએ છે. મને તે ક્યારે લાવી આપશો ?'

શાહજાદાની આ માગણી સાંભળી બીરબલ પહેલાં તો ગૂંચવણમાં પડયો, પણ તે વખતે તેણે કહી દીધું, 'એ મેળવતાં થોડા દિવસની વાર લાગશે; પણ હું જેમ બને તેમ જલદી મેળવી આપીશ.'

બધાએ દરબારીઓ શાહજાદાએ કરેલી માગણીથી અંદરઅંદર ખુશ થવા લાગ્યા, અને એક-બીજાને કહેવા લાગ્યા: જોઇએ, હવે બીરબલ શું કહે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો તેણે બળદનું દૂધ લાવી આપવા માટે પોતાની અશક્તિ જ બતાવવી પડશે.

બીરબલે દરબારમાંથી ઘેર આવી પોતાની સ્ત્રીને શાહજાદાની અશકય માગણીની વાત કરી. આ સાંભળી બીરબલની સ્ત્રી બોલી, 'નાથ, એમાં તમે મૂંઝવણમાં શા માટે પડયા છો? શાહજાદાને બળદનું દૂધ હું લાવી આપીશ. તમે તમારે આવતી કાલે મધરાતના, બાદશાહ અને શાહજાદાને નદીકાંઠે હું જ્યાં કપડાં ધોતી હોઉં ત્યાં લાવજો. પણ જોજો; બાદશાહ પૂછે તો મારું નામ લેતા નહિ.'

બીજે દિવસે રાતે બીરબલની સ્ત્રી મેલાં કપડાંનો એક મોટો એવો ગાંસડો પોતાની દાસીના માથા પર ઉપડાવી નદીકાંઠે ગઇ, અને મોટી એવી છીપર પર કપડાંને ધોકા મારી છબછબાવીને તારવવા મંડી.

ફરતાં ફરતાં બાદશાહ, બીરબલ અને શાહજાદો, ત્રણે જણા નદીકાંઠે આવ્યા.

બાદશાહ કપડાં ધોવાનો અવાજ સાંભળી વિચારમાં પડયા કે, અત્યારે મધરાતે આ કોણ કમનસીબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે કે, કપડાં ધૂએ છે! એણે બીરબલને કહ્યું, 'બીરબલ, જરા જા, અને તપાસ કરીને કહે ને કે, તે કોણ છે?'

આ સાંભળી બીરબલે મોટેથી પોતાની સ્ત્રીને જાણે પોતે અજાણ્યો હોય તેમ સવાલ પૂછ્યો, 'બાઇ, અત્યારે આ મધરાતે કેમ કપડાં ધોવા આવવું પડ્યું?'

આ સવાલ સાંભળી બીરબલની સ્ત્રીએ શીખવ્યા મુજબ એની દાસીએ જવાબ આપ્યો: 'નામદાર, આ કપડાં ધૂવે છે, એ મારી બાઈ છે. મારા શેઠે, એટલે કે એમના પતિએ, એક પુત્રને જન્મ આપ્યો છે, એટલે આખો દિવસ ઘરકામમાં જાય, અને ફુરસદ મળે નહિ, એટલે આ રાતના વખતે અમારે કપડાં ધોવા આવવું પડે છે!'

આ જવાબ સાંભળી શાહજાદો અને બાદશાહ નવાઈ પામ્યા. શાહજાદો બોલ્યો, 'શું કોઇ દિવસ પુરુષ બાળકને જન્મ આપી શકે ખરો?'

આ સાંભળી પેલી દાસીએ જવાબ આપ્યો, 'હા, દિલ્હી શહેરમાં બધું બને. કોઇને બળદનું દૂધ પીવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



' એના પતિએ એક પુત્રને જન્મ આપ્યો છે, એટલે, આ રાતના વખતે અમારે કપડાં ધોવા આવવું પડે છે. ' (—પાન ૧૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોખ પણ જાગે છે. તેમ પુરુષ બાળકને જન્મ પણ આપી શકે છે!'

દાસીનો આ જવાબ સાંભળી બાદશાહ સમજી ગયા કે, પેલી કપડાં ધોનારી સ્ત્રી બીરબલની પત્ની જ હોવી જોઇએ. શાહજાદાએ બીરબલ પાસે બળદનું દૂધ મંગાવ્યું છે, એટલે એણે શાહજાદાને બોધપાઠ આપવા આ યુક્તિ રચી લાગે છે!

શાહજાદો પણ પેલો જવાબ સાંભળીને બોલ્યો, 'બીરબલજી, મારે હવે બળદનું દૂધ નથી જોઇતું.'



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગમાં કોણ ગયું ?

★

આપણે જોયું કે, રાજા બીરબલ પોતાની બુદ્ધિ, ચતુરાઇ અને હાજરજવાબીથી અકબર બાદશાહનો એટલો બધો માનીતો થઇ પડયો હતો કે, બાદશાહને એક પળ પણ બીરબલ વગર ગમતું નહિ. આથી બાદશાહના કેટલાક દરબારીઓ બીરબલનું કાસળ કાઢવાનો વિચાર કરતા હતા. આખરે એક દિવસે એક દરબારીએ બાદશાહના હજામને પોતાના પક્ષમાં લઇ બીરબલ સંબંધી બધીએ વાત કરતાં કહ્યું, ' જો, તું અમે શિખવીએ તે મુજબ નામવરની હજામત કરતી વખતે નામવરને વાત કરે, અને અમારું કામ પાર પાડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અમે તને એક હજાર અશરફી તારા કામ બદલ આપીશું.' એક હજાર અશરફીનું નામ સાંભળીને હજામભાઇ તો ખીલ્યા, ને કહેવા લાગ્યા, 'અરે, એમાં તે શું ? એ તો મારું જ કામ. પણ ભાઇલા ! તમારું કામ પતે કે તરત મને મારું ઇનામ મળવું જોઇએ.'

'પહેલાં તો તું અમારું કામ કરી દે. તારું ઇનામ તૈયાર જ પડયું છે.' આ સાંભળી હજામભાઇ તો હરખાતા હરખાતા પોતાના ઘર ભણી ગયા.

બીજે જ દિવસે સવારના પહોરમાં ઊંઘમાંથી જ્યારે બાદશાહ જાગ્યા ત્યારે એમણે પોતાની દાઢી પર હાથ ફેરવતાં ફેરવતાં ચોકીદારને બૂમ પાડી, 'જા, જલદી બુલા કે લાવ.' આ સાંભળી ચોકીદાર તો વિચારમાં પડયો કે, નામવર કોને બોલાવવા માટે કહે છે ? એટલામાં રાજા બીરબલ ત્યાં આવતા જણાયા. ચોકીદારે બીરબલની પાસે જઇ કહ્યું, 'નામવરે કહ્યું છે કે 'જા, જલદી બુલા કે લાવ.' પણ મને સમજણ પડતી નથી કે, કોને બોલાવી લાવું ? કદાચ એ તમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ બોલાવતા હશે તો ?'

આ સાંભળી બીરબલે તેને પૂછ્યું, 'બાદશાહ એ વખતે શું કરતા હતા ?'

'તેઓ એ વખતે ઊંઘમાંથી આંખ ઉઘાડી બેઠા થયા હતા.'

'એ વખતે એમનો હાથ ક્યાં હતો ?'

'એ પોતાની દાઢી પર હાથ ફેરવતા હતા.' 'ઠીક ત્યારે, જા. નામવરના હજામને બોલાવી લાવ.'

બુદ્ધિધન બીરબલના કહ્યા મુજબ ચોકીદાર ખુશ થતો થતો હજામને બોલાવી લાવ્યો. નામવર આગળ જઈ સલામ કરી બોલ્યો, 'હજૂર, જલદી બુલા કે લાયા હું,' એમ કહી પાછો ફર્યો.

હજામે બાદશાહની દાઢી પર હળવા હાથે અસ્તરો ફેરવતાં ફેરવતાં વાત છેડી:

'જહાંપનાહ, આપના વડીલોને સ્વર્ગમાં ગયાને લાંબો વખત થયો છે, પરંતુ હજુ સુધી આપે એક વખત પણ એ લોકોના ખબર અંતર પુછાવ્યા નથી. એ લોકોને સુખ છે કે દુ:ખ, એની તપાસ કરાવવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઇએ, એ આપ નામદારનો ધર્મ છે. જો તમે એમના ખબર અંતર નહિ પુછાવો તો એ લોકોને મનમાં થશે કે, અમારો અકબર ભલે મહાન બાદશાહ હોય, પણ અમને તો એ સાવ ભૂલી જ ગયો છે. એ લોકોને સારુ લાગે માટે, એક વખત તો આપ જરૂર એમના ખબર અંતર પુછાવો.'

આ સાંભળી બાદશાહે પૂછયું, 'પણ આ કામ કરી શકે એવો કોઇ કાબેલ માણસ તારી ધ્યાનમાં આવે છે ?'

આ સાંભળી હજામભાઇ તો બોલ્યા, 'હા. ખુદાવિંદ, હા.'

'કોણ ?'

'આ કામ માત્ર રાજાજીથી જ–આપ નામવરના અંગત મિત્ર બીરબલથી જ-થઇ શકશે; કારણ, એ જ સ્વર્ગમાં જઇ તમારા સ્વર્ગવાસી વડીલોના પૂરેપૂરા ખબર અંતર લાવી શકે તેમ છે. એના પર તમારો પૂરેપૂરો વિશ્વાસ છે, એટલે તમારા વડીલોને પણ એના પર પૂરો વિશ્વાસ બેસશે. વળી નામવર, આપના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરબારમાં બીજો કોઈ વિશ્વાસ મૂકી શકાય એવો માણસ મળવો પણ મુશ્કેલ છે.'

'પણ એને સ્વર્ગમાં મોકલવો કેવી રીતે ?'

'અરે ! નામવર, એ માટે તો ઠેઠ સ્વર્ગ સુધીની નિસરણી તૈયાર છે.'

'પણ કહે તો, કેવી રીતે ?'

'નામવર, એ માટેનો રસ્તો મારી પાસે છે. એ બધી ગોઠવણ હું પોતે જ કરી શકું તેમ છું.'

'પણ કહે તો ખરો ?'

'નામવર, ગોઠવણ એવી છે કે, જો બીરબલને એક ચિતામાં સળગાવવામાં આવે તો તે ચિતાના ધુમાડાની સાથોસાથ સ્વર્ગમાં, જ્યાં આપના વડીલો નિવાસ કરે છે, ત્યાં જઇને ઊભો રહે. પછી એ પોતાની ઓળખાણ આપી, એમને ત્યાં આઠ-પંદર દિવસ રહી, એમના પૂરેપૂરા સમાચાર લઈ, આપણે ત્યાં પાછો આવે.'

આ સાંભળી બદશાહે હજામને કહ્યું, 'ભલે ત્યારે. કર તૈયારી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્દભાગ્યે બીરબલે બાજુના જ ખંડમાં બેસીને બાદશાહ અને હજામ વચ્ચે થએલી વાત પૂરેપૂરી સાંભળી લીધી હતી. એણે તરત જ મનમાં નક્કી કર્યું કે, આ એક કાવતરું છે અને તે મારા વિરોધીઓએ રચેલું છે. પણ કાંઈ નહિ; હું તો ગમે તે યુક્તિ રચી મારો જાન બચાવી શકીશ. પરંતુ જે વિરોધીઓએ મારો જાન લેવા માટે હજામને ચડાવ્યો છે, એનો ભોગ હજામને જ બનાવવો પડશે. આમ મનમાં વિચાર કરી, એ બાદશાહના દિવાનખાનામાં દાખલ થયો.

બાદશાહે બીરબલને જોતાં વેંત જ કહ્યું, 'બીરબલ, તારે આઠ-દસ દિવસ માટે મારાથી જુદા થવું પડશે; કારણ, તારે મારા વડીલોની ખબર લેવા માટે સ્વર્ગમાં જવાનું છે. એ વિષે મેં બધીએ વાતચીત હમણાં જ મારા હજામ સાથે કરી લીધી છે. માટે હવે તું તૈયાર થઇ જજે.'

આ સાંભળી બીરબલે કહ્યું, 'હા, નામવર, એ વાતચીત મેં પણ મારા કાનોકાન સાંભળી છે; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે જે કહે છે તે વાત કાંઇ ખોટી પણ નથી.'

'સાબાશ, બીરબલ, સાબાશ !' બાદશાહે આનંદમાં આવી બરબલને સાબાશી આપી.

એ જ અંધારી રાતે બીરબલે જે ઠેકાણે પોતાને માટે ચિતા સળગાવવાની હતી, તે જગ્યાએથી પોતાના ઘર સુધીનું એક ભોંયરું તૈયાર કર્યું. આ વાતની માત્ર એને અને એની પત્નીને જ ખબર હતી. બીજું કોઇ આ ભોંયરા વિષે જાણતું નહોતું.

નક્કી કરેલા દિવસે બીરબલ ચિતાની અંદર બેઠો. જેવી હજામભાઇએ ચિતા સળગાવી કે તુરત જ, એ ભોંયરા વાટે પોતાને ઘેર પહોંચી ગયો. ત્યાર પછી બીરબલ કેટલાયે મહિના સુધી ઘરની બહાર જ ન નીકળ્યો. આ તરફ પેલો હજામ અને બીરબલના બધા વિરોધીઓ આનંદમાં આવી ગયા. એમણે માની લીધું કે, બીરબલ બળીને ખાખ થઈ ગયો છે. હવે આપણો રસ્તો સાફ થઇ ગયો છે.

થોડા દિવસ પછી બીરબલ દાઢી તેમજ માથા પર મોટી એવી જટા વધારી બાદશાહના દરબારમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાજર થયો. પહેલાં તો એને જોઇ કોઇ ઓળખી જ ન શકયું. ખુદ શહેનશાહ અકબરશાહ પણ એના પ્યારા અંગત મિત્ર બીરબલને પિછાની ન શકયા; એટલે બીરબલ બોલ્યો, 'નામદાર, આપ મને ઓળખી ન શકયા ? હું આપનો મિત્ર બીરબલ ! હમણાં જ સીધો સ્વર્ગમાંથી ચાલ્યો આવું છું'

બાદશાહના દરબારમાં બેઠેલા બીરબલના વિરોધીઓ એને ધારીધારીને જોવા લાગ્યા કે, એ બીરબલ જ છે કે, કોઇ બીજો છે ! એ લોકોએ મનમાં વિચાર કર્યો કે, નક્કી બીરબલ કોઇ તરકીબ કરી, સળગતી, ચિતામાંથી છટકી ગયો લાગે છે. નહીતર એ જીવતો પાછો ફરે નહિ. આવો વિચાર આવતાં એ લોકો ધ્રૂજવા લાગ્યા.

બાદશાહે પૂછયું, 'કહો, રાજા બીરબલ, મારા વડીલોએ શો સંદેશો કહેવડાવ્યો છે ?'

બીરબલ બોલ્યો: 'નામવર, એ લોકોને બીજું તો કશી વાતનું દુઃખ નથી, પણ....'

'અરે પણ શું ?....બોલો....બોલો....'

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'મને ઓળખી ન શક્યા ? હું આપનો મિત્ર બીરબલ !' (પાન ૨૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ જુઓ ને નામવર, મારી દાઢી અને જટા ! કેટલાં બધાં વધી ગયાં છે ? આપના વડીલોને માત્ર એક હજામનું જ દુઃખ છે. આ માટે એ લોકોએ કહેવડાવ્યું છે કે, બાદશાહ અકબરને કહેજો કે, તેઓ તરત તેનો પોતાનો જ હજામ અહીં મોકલી આપે !'

આ સંદેશો સાંભળી બાદશાહે તુરત જ પોતાના હજામને બોલાવ્યો. તેને હુકમ કર્યો: 'તારે અત્યારે ને અત્યારે સ્વર્ગમાં જઇ મારા વડીલોની હજામત કરી આવવાની છે. જા, તું એકદમ તૈયાર થઇ જા. કાલ સવારે જ સ્વર્ગમાં રવાના થા. મારા બધા વડીલોની હજામત કરી, વહેલોવહેલો પાછો આવજે.'

બાદશાહનો આ હુકમ સાંભળી બિચારો હજામ તો થરથર કંપવા લાગ્યો. પણ એનાથી હવે શું બોલાય ? કારણ, એક હજાર અશરફી લેતી વખતે એને કાંઇ આવી ખબર નહોતી કે, મારે જીવતાં ને જીવતાં બળી મરવું પડશે. હજામભાઇની તો 'ચોરની મા કોઠીમાં મોં ઘાલી રડે' એના જેવી દશા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ પડી.

બીજે દિવસે ગાજતે વાજતે હજામભાઇ તો ઢીલું મોં કરી ચિતામાં બેઠા. મનમાં તો બાદશાહને બધીએ વાત કહી દેવાનો વિચાર કર્યો; પણ હવે નામવરને કાંઇ પણ કહીશું તો પણ મારો તો જાન જશે જ, એમ વિચાર કરી, એ નછૂટકે ચિતામાં બેઠો. ત્યાં તો ચિતાને સળગાવવોમા આવી. હજામભાઇ સીધા બાદશાહના વડીલોની હજામત કરવા સ્વર્ગમાં પહોંચી ગયા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીરબલ તાનસેનની વહારે

卐

એક વખત મોટો એવો દરબાર ભરાયો હતો. શહેનશાહ અકબરશાહનો જન્મદિવસ હોવાથી બાદશાહના દરબારમાં તાનસેન ગવૈયો રાધા ને કનૈયાનાં ગીત ગાતો હતો.

તાનસેને એક ગીત પૂરું કર્યું, એટલે બાદશાહે કહ્યું, 'તાનસેન, તું દરરોજ એકના એક રાગનાં ગીતો ગાય છે. આજ તો કોઈ નવો રાગ ગાઈ સંભળાવ.'

બાદશાહનો આ હુકમ સાંભળી તાનસેનજી તો વિચારમાં પડયા. 'જે રાગ હું જાણું છું તે બધા જ હું ગાઉં છું. આમાં મારે નવો રાગ ક્યાંથી કાઢવો ?' એણે બીરબલની સામું જોયું, એટલે બીરબલે ઊભા થઈને કહ્યું, 'નામવર, મારા દોસ્ત તાનસેનજી મૂંઝવણમાં પડી ગયા હોય એમ લાગે છે. એને મદદ કરવી એ મારું કામ છે, માટે આપે હમણાં જે હુકમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ સાંભળી બાદશાહે પૂછ્યું: 'અલ્યા, આ શું કરે છે?'

(—પાન ૨૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યો તે મુજબ આપને એક નવો રાગ ગાઇ સંભળાવવા માટે આપ નામદાર રજા આપવા મહેરબાની કરો !'

આ સાંભળી બાદશાહે કહ્યું, 'ભલે, ઘણી જ ખુશીથી. તમે તમારા દોસ્ત તાનસેનને બદલે કોઇ નવો રાગ ગાઇ શકો છો.'

બાદશાહે આટલું કહ્યું ત્યાં તો બીરબલે મોંઢા પર પિછોડી નાખી, જાણે કોઇનો ખરખરો કરતો હોય એમ, લાંબી પોકો મૂકી રડવા માડયું !

આ સાંભળી બાદશાહે પૂછયું, 'અલ્યા, આ શું કરે છે ?'

'નામવર, એક નવો રાગ સંભળાવું છું. કારણ, આપે બધાએ રાગ તાનસેનજી પાસેથી સાંભળ્યા, પણ કોઇ દિવસ આ કરુણ રાગ સાંભળ્યો નહિ હોય !' આ સાંભળી બધા આનંદ પામ્યા અને તાનસેનજી તો બીરબલને ભેટી જ પડયા.

'વાહ, ભાઇ બીરબલ, વાહ. તેં તો કમાલ કરી !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપનારનો હાથ નીચો

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું, 'બીર-બલ, એક માણસ બીજા માણસને કાંઇ આપે ત્યારે આપનારનો હાથ ઉપર અને લેનારનો હાથ નીચો, એમ હોય છે. પણ કોઇ વાર એનાથી ઊલટું બની શકે ખરું ?'

બીરબલે ઝટ દઇ જવાબ આપ્યો, 'હા.'

'કેવી રીતે ?'

'જહાંપનાહ, તપખીર આપતી વખતે આપ-નારનો હાથ નીચે હોય છે, અને લેનારનો હાથ ઉપર હોય છે.'

બીરબલની હાજરજવાબીથી બાદશાહ ઘણા ખુશ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપખીર આપતી વખતે આપનારનો હાથ નીચે હોય છે, અને લેનારનો હાથ ઉપર હોય છે. –(પાન ૨૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમાઈ અને કૂતરો

એક દિવસે બાદશાહે બીરબલને કહ્યું, 'બીરબલ, એવા બે કોણ છે કે જે આપણે કરેલો ઉપકાર ન ભૂલે, અને બીજો, જે કરેલો ઉપકાર તરત જ ભૂલી જાય ?'

બીરબલે જવાબ આપ્યો, 'નામવર, જમાઈ જેવો નિમકહરામ કોઇ નહિ. કારણ, એનાં સાસુ-સસરો ગમે તેટલું વહાલથી માન રાખે છતાં પણ એ કોઇ દિવસ એમનો ઉપકાર યાદ નહિ રાખે. અને કૂતરા જેવો નિમકહલાલ કોઇ નહિ; કેમ કે ગમે તેવું દુ:ખ આવી પડે છતાં, એ પોતાના માલિકનો સાથ નહિ છોડે !'

બાદશાહ આ જવાબ સાંભળી ઘણા ખુશ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જમાઇ જેવો નિમકહરામ કોઇ નહિ....કૂતરા જેવો વફાદાર કોઇ નહિ !
(—પાન ૩૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તમ ફળ કયું ?

●

એક વખત બાદશાહે પૂછ્યું, 'ઉત્તમમાં ઉત્તમ ફળ કયું ?'

બાદશાહના આ સવાલનો જવાબ કોઈ પણ આપી શક્યું નહિ. એટલામાં બીરબલ દરબારમાં દાખલ થયો. એને જોઇને શાહે પૂછ્યું, 'બીરબલ, ઉત્તમ ફળ કયું ?'

બાદશાહનો આ સવાલ સાંભળી બીરબલે જવાબ આપતાં કહ્યું, 'નામવર, ઉત્તમ ફળ તો ડાહ્યા દીકરા. દીકરા ડાહ્યા હોય તો પોતાના વડવાઓની કીર્તિ વધારે છે. ધન કોઇક રળે છે. વિદ્યા કોઇકને જ વરે છે. બાકી ઘડપણમાં કામ આવે એવું માણસજાતનું ઉત્તમ ફળ તે ડાહ્યા દીકરા જ.'

બીરબલનો આ જવાબ સાંભળી બાદશાહ એટલા બધા ખુશ થયા કે બીરબલને સાબાશી આપી.

સમાપ્ત

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવું ચિત્રમય બાલ-કુમાર સાહિત્ય

મૂરખલાલનાં પરાક્રમો સેટનાં	૨—૧૨
ચરીત્ર રત્નો સેટ ૧ લો	૨—૧૨
ચરીત્ર રત્નો સેટ ૨ જો	૨—૧૨
બુદ્ધિનો બાદશાહ સેટના	૨—૧૨
ટાગોરની બાલવાતો	૨— ૦
ચતુર સુજાણ	૧— ૮
બીરબલની ચિત્રમય બાલવાતો	૩—૦
ફતુભા ફાંકડાના પરાક્રમો	૧—૪
કવિ કાલીદાસની બાલવાતો	૨—૮
અમારાં ગીત	૦—૬
રાસ કોકિલા	૦—૭
પાયલ બાજે	૧—૭
મામાનું ઘર કેટલે ?	૨—૦
જાદુઇ ચક્કી	૩—૦

કુમાર કથાઓ	૩—૦
ચાણક્ય	૨—૦
બરફનું રણ	૨—૦
વિક્રમની વાતો	૪—૮
બુદ્ધિ વિલાસ	૫—૦
જય ગુજરાત	૧—૪
દાદાજીનું ડહાપણ	૩—૮
અક્કલ અજમાવો	૩—૦
ખેલાડી	૩—૦
બાટલીનો બૂચ	૩—૦
કીલુ યાને વીંટીની શોધમાં	૨—૦
બાની વાતો	૨—૦
આદમમીયાં	૧—૪
સમર્થ રામદાસ	૦—૬

: મળવાનું સ્થળ :

એન. એમ. ઠક્કરની કંપની

બુકસેલર્સ : પબ્લીશર્સ • ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar